ગુરુકુળ મહિલા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ

પોરબંદર

**શીર્ષક :**

# પોરબંદર પંથકનું ધબકતું લોકજીવન

**પ્રસ્તુતકર્તા**

ડો. જયશ્રીબેન બારોટ (હોમસાયન્સ)

વર્ષ – ૨૦૧૮–૧૯

# પોરબંદર પંથકનું ધબકતું લોકજીવન

પૂજય બાપુની રાષ્ટ્રભકિત, સુદામાની કૃષ્ણભકિત, શેઠશ્રી નાનજીભાઈની કર્મભકિત અને રાષ્ટ્રીય સંત રમેશભાઈ ઓઝાની ધર્મભકિત એવા સૂરખાબી નગર પોરબંદરનું લોકજીવન એ ખરા અર્થમાં ધબકતું, ભાતીગળ, પંચરંગી અને ભકિતના રંગથી રંગાયેલું છે.

સ્વામી વિવેકાનંદના શબ્દોમાં કહીએ તો "જીવન એટલે વિકાસ" અહીં ફકત ભૌતિક કે બાહય વિકાસનો જ સંદર્ભ માત્ર નથી. કોઈપણ વ્યકિત કે શહેરનો ભૌતિક સાધન સંપત્તિ, સુખ સગવડો કે વિશાળ બાંધકામોના સ્થૂળ અસ્તિત્વથી પૂર્ણ થઈ જતો નથી, પરંતુ લોકો કેવી રીતે જીવન જીવે છે. સમાજ માટે પોતે કેવું પ્રદાન કરે છે, કેટલા સંતુષ્ટ, સમૃદ્ધ તેમજ સફળ છે તેના પરથી જ વિકાસનું હાર્દ પકડાય. લોકોની અંદર જીવન ધબકતું હોવું જોઈએ.

ભારતનો સૌથી મોટો કિનારો સૌરાષ્ટ્ર દ્વિપકલ્પને પ્રાપ્ત છે. સૌરાષ્ટ્ર એટલે નદીઓ અને સમુદ્રનો પ્રદેશ. આ પોરબંદર ભારતના  પશ્ચિમ કિનારે અરબી સમુદ્રના ઘૂઘવતા સાગર કાંઠે વસેલુ એક રમણીય સુંદર શહેર છે. આ શહેર રાષ્ટ્રપિતા મોહનદાસ કરમચંદ ગાંધીનું જન્મ સ્થાન, અહીંના કર્મઠ રાણાસાહેબ, અનેક મહાપુરુષો, વિશ્વવિખ્યાત, ઉદ્યોગપતિઓ, વિચારકો, સાહિત્યકારો તથા શહીદ વીર નાગાર્જુન સિસોદીયા તેમજ વિવિધ ક્ષેત્રમાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ખ્યાતનામ હસ્તીઓનું આ નગર રહયું છે.

લોકજીવનમાં અહીં સાહિત્ય સંગીતકલા છે તો અહીંના લોકો વેપારમાં પણ કુશળ છે. લોકો કામ કરીને સાથે તહેવારો પણ આનંદથી માણે છે જેવા કે સાતમ આઠમ, હોળી, દિવાળી, નવરાત્રિ એવા અનેક તહેવારો સાથે મળી પ્રેમથી ઉજવે છે. દરેક જૂથ એક કુટુંબ બની જાય છે. અહીં સંપ્રદાયના ભેદભાવો જોવા મળતા નથી. કોઈપણ શહેરની પ્રસન્નતાનો આધાર એના નગરજનોની માનસિકતા, પ્રફુલ્લિતતા અને હકારાત્મક વલણ પર આધાર રાખે છે. અહીંની પ્રજા વિવિધ કલા, સૌંદર્ય, નૃત્ય, મહોત્સવ અને પ્રકૃતિની ગોદમાં પ્રવાસ કરનારી છે.

પોરબંદરનું લોકજીવન એટલા માટે ધબકતું છે કે પોરબંદરમાં એકતા, ભાઈચારો અને સાચી સમજના ત્રિવેણી સંગમ સાથે કોઈ નાત–જાતનો ભેદભાવ કે પૂર્વગ્રહ વિના લોકજીવન વિવિધ જ્ઞાતિઓમાં ધબકે છે અને મલકે છે. અહીંના લોકોનું મુખ્ય સૂત્ર 'જીવો અને જીવવા દો'.

અહીંના લોકોની તાસીર જ એવી છે. અહીંની પ્રજા શાંતિપ્રિય છે. પરંતુ અન્યાય સામે માથું ઉંચકતા સંકોચ પણ અનુભવતી નથી. અહીંની મહેમાનગતિ ખરા અર્થમાં માણવા જેવી છે. અહીં ન આવવા માગતો પરપ્રાંતિય માણસ પણ એક વખત આવ્યા પછી પોરબંદર છોડવાનું નામ લેતો નથી. અહીંના લોકો સાથે ઓતપ્રોત બની જાય છે અને મસ્તીથી જીવન વ્યતિત કરતા લોકજીવનનો એક ધબકાર બની જાય છે. પોરબંદર શહેરની અસામાજિક પ્રવૃત્તિઓ વિશે જેટલું સાંભળવામાં આવ્યું છે, તેવું આ શહેર નથી જ. અહીં સામાન્ય જનતા તેમજ બહેન–દીકરી મોડી રાત સુધી નિર્ભયપણે હરીફરી શકે છે, કામ કરી શકે છે, આનંદમાણી શકે છે અને આ પ્રજાનો

મહત્વનો ગુણ પારકાને પોતાના કરવાનો અને ન ઓળખિતાને પણ મદદ કરવાનો અનેરો ગુણ અહીંની પ્રજામાં છે. નીચેની પંકિતઓજ નગરજનોનાં લોકો વિશે ખાત્રી આપે છે.

કોઈ ના કહેશો કદી, નજર વગરનું આ નગર
હા એક સાચી વાત છે, છે ફિકર વગરનું આ નગર
ગાંધી, સુદામા, જેઠવા અને મહેરના ઈતિહાસથી
ભરપૂર છે, ને કોણ કહે ? કલ્ચર વગરનું નગર
આર્ય કન્યા ગુરુકુળ છે, સાંદિપની સંસ્કાર છે.
માનવું કયાંથી કે ? ભણતર વગરનું આ નગર !
વિશ્વ બાંધવતણા, વૃક્ષો જગતમાં વાવીયા
પ્રતિમા છે, એક જ પૂરતી, છે વિશ્વવ્યાપી આ નગર.

આ સુંદર પોરબંદરમાં રમણીય સાગર કિનારો આવેલો છે. ત્યાં અહીંના લોકો કુદરતી સ્થળે ફરવાની, આનંદ માણવાની મજા લૂંટે છે. જે અહીંની પ્રજામાં આનંદ માણવાની અકલ્પનીય વૃતિ છે. અહીંના લોકોમાં સાગર જેવી ઉદારતા અને ઉંડાઈ ઝલકે છે. અહીંની પ્રજા નાની–મોટી તકલીફો વચ્ચે જયારે સમુદ્ર કિનારે પહોંચે છે ત્યારે મહેંકી ઉઠેલી જિંદગીની ક્ષણો સ્વપ્નશીલ મુકત આંખોથી અભિવ્યકત થવા લાગે છે. હિંમત, બુદ્ધિ અને માનવતાના પાયા ઉપર ઉભેલું આ શહેર છે.

અહીં લોકજીવનના ભાગરૂપે એકબીજાને આનંદ આપવા, દુઃખમાં ભાગીદાર બનવા આગળ આવે છે. કયાંક નિરાશાવાદી કે નકારાત્મક વલણવાળા લોકો હોય પરંતુ સમગ્ર રીતે જોતા અહીંના લોકજીવનમાં વિવિધ જાતિ–જ્ઞાતિના લોકોનો સુભગ સમન્વય જોવા મળે છે. અહીં કલેશ નહી કલશોર છે, વિવાદ નહી સંવાદ છે.

પોરબંદર શહેરની ચોપાટી અલૌકિક, રમણીય અને દર્શનીય છે. પોરબંદરના લોકજીવનનો ખરો ધબકાર દરિયાનાં પ્રતિબિંબમાં જોવા મળે છે.  અહીં અરબી સમુદ્રના ઘૂઘવતા તટ પર એક ખૂણે અસ્માવતી ઘાટ તો, બીજા ખૂણે રાજમહેલ પેલેસ તથા દિવાદાંડી તથા વચ્ચે ઈન્દ્રેશ્વર મહાદેવનું મંદિર અને સામે દષ્ટિપાત કરીએ તો ઓલ વેધર પોર્ટ અને નગર તરફ ટૂરિસ્ટ બંગલો તથા સરકારી વિલા લોકોનું સ્વાગત કરતા નમૂનેદાર બિલ્ડીંગો જોવા મળે છે. જે શહેરની કલાપ્રેમી જનતાની ઓળખ આપે છે.

અહીંની રમણીય ચોપાટીમાં હજારો લોકો આ કુદરતી નજારા સામે વોકીંગ કરતા, ટહેલતા, કસરત અને જોગીંગ કરતા જોવા મળે છે. વળી રવિવારે કે અન્ય રજાના દિવસે કે તહેવારે તો લોકોની વાત જ શી કરવી ? અનેક વિવિધ પોષાકોમાં સુસજજ જોવા મળે છે. અહીંયાનો સૂર્યોદય અને સૂર્યાસ્ત તો વિરલ દશ્ય આપી જાય છે. અહીંના અનેકવિધ મનોહર દશ્ય કંડારતી સાંજ માણવી એક અનેરો લ્હાવો છે. કવિ આદિલ મંસૂરીના શબ્દોમાં કહીએ તો

લાલશ ઉતરી આવી છે, સંધ્યાની આંખમાં,
મહેંદી કોઈના હાથની છૂટી ગઈ હશે.

ચોપાટી પર વહેલી સવારે ૧૫૦ જેટલા સભ્યો ચોમાસ સિવાય રામ સ્વીંગી દ્વારા સ્વીમીંગ કરતા જોવા મળે છે. ૧૫ ઓગષ્ટના દિવસે દરિયામાં વચ્ચે બોટ રાખી મધદરિયે તિરંગો લહેરાવે છે. રાષ્ટ્રીય ગીત ગાય છે અને કિનારા પર અનેક લોકો આ રાષ્ટ્રીય તહેવારનો આનંદ માણતા જોવા મળે છે.

ચોપાટી પર બેનમૂન ધ્યાન આકર્ષિત કરે તેવો મહારાજા નટવરસિંહજીએ બંધાવેલો આ રાજમહેલ નોખો અનોખો છે. તેનું ક્ષેત્રફળ ૮૦ હજાર વાર છે. જેમાં ૧૭૫ જેટલા રૂમ છે. આ મહેલનું તમામ લાકડું શિશમનું છે. તેની બાહય ભાગે તેની બોર્ડર ૐ ની બનાવેલી છે.

અહીંયા નવરાત્રિ દરમ્યાન અનેકવિધ કલબો દ્વારા ચોપાટીના મેદાનમાં નવરાત્રિ ઉજવાય છે. જેમાં પંદરથી વીસ તોલા સોનું પહેરીને અનેક જ્ઞાતિની દીકરીઓ મુકત પણે કસા જ ભય કે ડર વગર ફરતી હોય છે. જે આ નગરના મુકત અને અનુશાસિત અસ્તિત્વનો જીવતો પૂરાવો છે. ચોપાટી ક્રિકેટ ગ્રાઉન્ડ એ શહેરનું સૌથી મોટું અને ખુલ્લુ મેદાન છે. જયાં રોજ સવારે લોક ક્રિકેટ રમે છે. જન્માષ્ટમી પર્વ દરમ્યાન આ ગ્રાઉન્ડ ઉપર ચાર થી પાંચ દિવસ ભવ્ય મેળો ભરાય છે. જે મહારાજા નટવરસિંહજીના વખતથી ઉજવાતો ભવ્ય અને દિવ્ય પ્રસંગ છે. આ મેળામાં સામાન્ય રીતે દિવસ દરમ્યાન ગ્રામ્ય વિસ્તારના લોકો અને સાંજ પછી મોડી રાત સુધી શહેર વિસ્તારના લોકો મુકત મને મેળાની મજા માણતા જોવા મળે છે. આ મેળામાં ચકડોળ, મોતનો કૂવો, ડોન્કી શો, ખાણી પીણીના સ્ટોલ તથા વિવિધ સંસ્થાઓ દ્વારા ઉભા કરાતા સ્ટોલો વગેરેમાં લોકો કુટુંબ સાથે ભરપૂર આનંદ ઉઠાવે છે. રાત્રે રોજ સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન થતું હોય છે જે પોરબંદરના ધબકતા લોકજીવનની પ્રતિતિ કરાવે છે.

કીર્તિમંદિર એ મહાત્માજીનું જન્મ સ્થળ, શિલ્પકલાની બેનમૂન એવું આ કીર્તિમંદિર પૂજય બાપૂના આયુષ્ય પ્રમાણે ૭૯ ફૂટ ઉચું છે. જેના ચણતરમાં બુદ્ધ, જૈન, હિન્દૂ, મુસ્લિમ, ખ્રિસ્ત્રી વગેરે ધર્મના દર્શન થાય તેવું બાંધકામ કરવામાં આવ્યું છે. પૂજય બાપુ અને કસ્તૂરબાનું તૈલ ચિત્ર રાખવામાં આવ્યું છે. કીર્તિમંદિરના ફરતા સ્તંભો પર ગાંધીજીના અનેક સુવાકયો કંડારવામાં આવ્યા છે. કીર્તિમંદિરમાં દર વર્ષે ૨ ઓકટોબરે બાપૂનો જન્મ દિવસ તથા ૩૦ જાન્યુઆરીએ બાપૂની નિર્વાણતીથિ તેમજ બેસતા વર્ષના દિવસે સ્નેહ–મિલનના કાર્યક્રમો ખૂબ જ ભકિતભાવપૂર્ણ અને સાદાઈથી ઉજવવામાં આવે છે. આમા નગરજનો, વૃદ્ધો અને બાળકોથી આખું ગ્રાઉન્ડ ભરાયેલું અને પૂજય બાપૂના જન્મ સ્થાનનો અનેરો આનંદ માણતું જીવન ધબકાર જેવું ભાસે છે. કીર્તિમંદિરમાં દર મહિને ગૃહ ઉદ્યોગના કાર્યો થાય છે, લાઈબ્રેરી તેમજ પૂજય બાપૂને લગતા ગુજરાતી, હિન્દી અને અંગ્રેજીના પુસ્તકો મળે છે. સામાન્ય રીતે દેશ–વિદેશના એક હજાર જેટલા લોકો આ પવિત્ર સ્થાનની મુલાકાત લઈ ધન્યતા અનુભવે છે. પોરબંદર ખાતે ખાદી ગ્રામોદ્યોગ પણ સારી રીતે કાર્યરત છે. અહીંના લોકો પણ ઠીક–ઠીક પ્રમાણમાં ખાદીનો ઉપયોગ કરતા જોવા મળે છે. કીર્તિમંદિરની બિલકુલ પાછળના ભાગે પૂજય કસ્તુરબાનું ખૂબ જ પુરાણું

મકાન પણ બાંધકામની દષ્ટિએ ભવ્ય છે. એ સમયમાં પણ પાણીનો સંગ્રહ કરવા અન્ડર વોટર સંગ્રહ કરવાની વ્યવસ્થા આ મકાનમાં મોજૂદ છે.

સુદામાનું મંદિર પોરબંદરના હૃદય સ્થાન સમાન છે. અહીં સુદામાજી સાથ શ્રીકૃષ્ણ, હનુમાનજી, ચામુંડા માતાજીના મંદિરો આવેલા છે. સુદામાજીના મંદિરની ખાસ વિશેષતા એ છે કે વૈશાખ સુદ ત્રીજના દિવસે મંદિરના ગર્ભગૃહમાં લોકોને પ્રવેશ કરવા દે છે અને લોકો પ્રેમથી પૌવાનો પ્રસાદ ધરે છે. સુદામા મંદિરના પટાંગણમાં વીર અભિમન્યુનો કોઠો આકર્ષક રીતે કંડારવામાં આવ્યો છે. જે ભવભવના ચાર્યાસી ફેરાની જાણકારી શુષુપ્ત રીતે આપી જાય છે. પોરબંદર શહેરમાં કોઈ મોટા ધાર્મિક, સામાજિક કે ચૂંટણી સમયે વિવિધ પક્ષોની જાહેર સભાઓ યોજવા માટેના શહેરના મધ્યમાં આવેલું સ્થાન એટલે સુદામા ચોક. અહીંની પ્રજા સુદામા મંદિરની મુલાકાત લઈ ધન્યતા અનુભવે છે.

આર્યકન્યા ગુરૂકુળ એ સ્ત્રી શિક્ષણ માટેની વિશ્વ વિદ્યાલય જેવી સંસ્કાર સિંચન કરતી શૈક્ષણિક સંસ્થા છે. અહીં શિક્ષણના 'શ' કરતા સંસ્કારનો 'સ' પ્રથમ શીખવવામાં આવે છે. તેમજ આર્ય સંસ્કાર, ઉચ્ચ શિક્ષણ અને જીવન જીવવાની ઉચ્ચ  શૈલી પ્રાપ્ત કરી આર્યનારી બનતી હોય છે. આ સંસ્થાની સ્થાપના રાજરત્ન શ્રેષ્ઠીશ્રી નાનજીભાઈ કાલિદાસ મહેતા જે આર્યકન્યા ગુરૂકુળના અધિષ્ઠાતા છે.  તેમના માટે કવિશ્રી પિંગળશીભાઈ બાલિયાએ લખ્યું છે કે

ખૂબ આફ્રિકા કમાણો, વળતા દિપાવ્યું વતન,<br>
પોરબંદરના 'રાણા'નું નાનજી રાજરત્ન.

તેમજ સંસ્થાના માનદ્ આચાર્ય ડો. સવિતાદીદી મહેતા કે જેઓએ આજીવન બ્રહ્મચર્ય વ્રતધારી આર્ય કન્યા ગુરૂકુળને વટવૃક્ષમાં રૂપાંતરિત કરવા આદર્શ સન્નારી, સાહિત્ય, સંગીત અને નર્તનકલાનો જેનામાં ત્રિવેણી સંગમ જોવા મળે છે. પૂજ્ય સવિતા દીદીએ મણિપુરી નૃત્યના નિષ્ણાંત, વિશ્વગુર્જરી પુરસ્કાર તેમજ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીએ જેમને ડિલીટની ડીગ્રીથી નવાજયા હતા. જે પોરબંદરનું ગૌરવ છે. જેમના દ્વારા તૈયાર થયેલી બાળાઓએ સમાજજીવનને સાચા અર્થમાં ધબકતું કર્યુ છે.

પરમ અસ્તિત્વનો સ્વીકાર એટલે તારાઓ, નક્ષત્રો અને નિહારિકાઓનું દર્શન કરાવતું તારા મંદિર એ મેન્યુઅલી ઓપરેટેડ ભારતમાં જૂના સૌથી ચાર પૈકી એક બેનમૂન માણવા જેવું સ્થળ છે. જયાં અંગ્રેજી અને હિન્દીમાં બ્રહ્માંડ વિશે વૈજ્ઞાનિક માહિતી પૂરી પાડવામાં આવે છે તેમજ ભારત મંદિરમાં આશરે ૨૪ જેટલા સ્તંભો ઉપર પૂરા ભારતવર્ષના સંતો, મહાત્માઓ, ઋષિમુનિઓના ચિત્રો તથા ભારતના જોવા લાયક સ્થળો અને સુસંગત સુવાકયો કંડારેલા જોવા મળે છે. પોરબંદરવાસીઓ તેમજ બહારગામથી આવેલા કોઈપણ મહેમાનને અહીંયા લાવવું ગૌરવપૂર્ણ ગણાય છે.

પોરબંદરમાં રમેશભાઈ ઓઝા દ્વારા સ્થાપિત ૧૦૦ એકરમાં સાંદિપની ગુરૂકુળ વિસ્તરેલું છે. ધોરણ આઠથી એમ.એ. સુધી સંસ્કૃત વિષયનું ૩૦૦ જેટલા ઋષિ કુમારો શિક્ષણ મેળવે છે. અહીં મૃદુ અને મિતભાષી પૂજય ભાઈશ્રી પ્રતિવર્ષ શારદીય નવરાત્રિ મહોત્સવ ઉજવે છે. અહીં તે વખતે સવારે રામચરિત માનસ પાઠ કરવામાં આવે છે. દેશ–વિદેશના અનેક ભાવિકોનો માનવ મહેરામણ ઉભરાય છે. પાંચ થી સાત સાંજના ધાર્મિક પ્રવચનો ગોઠવવામાં આવે છે. જનહિતાર્થ દરેક રોગના મેડીકલ કેમ્પનું આયોજન કરવામાં આવે છે.

ઈ.સ. ૧૮૯૧–૯૨માં સ્વામી વિવેકાનંદે ભારતભ્રમણ કરતી વખતે પોરબંદરમાં ભોજેશ્વર બંગલામાં ચાર મહિના રોકાયેલા. અહીં વિવેકાનંદ શાસ્ત્રો અને વ્યાકરણનો ઊંડો અભ્યાસ કરેલ. તે ઉપરાંત અહીં જ ફ્રેન્ચ ભાષા શીખ્યા હતા. અહીંથી જ તેમને શિકાગો વિશ્વધર્મ સભામાં જવાની પ્રેરણા મળેલી. અત્યારે તે જગ્યાએ રામકૃષ્ણ મિશન કેન્દ્ર કાર્યરત છે. આ આશ્રમમાં દરરોજ સાંજે પ્રાર્થના, દર રવિવારે સત્સંગ તથા યુવા વ્યકિતત્વ વિકાસની શિબિરોનું આયોજન થાય છે. અહીં વિશાળ પુસ્તકાલય અને નિઃશુલ્ક ચિકિત્સાલય પણ કાર્યરત છે. આ સંસ્થા દ્વારા અનેક સેવાકીય પ્રવૃતિઓ કરવામાં આવે છે.

પોરબંદરમાં આર્યસમાજ અનેકવિધ આર્ય સંસ્કારની પ્રવૃતિઓ ચલાવે છે. જયાં દૈનિક યજ્ઞ, સપ્તાહ સત્સંગ, પારિવારિક સત્સંગ, વૈદિક સંસ્કાર જેવી પ્રવૃતિઓ દ્વારા ધાર્મિક વાતાવરણ ગૂંજી ઉઠે છે. આર્ય સમાજમાં મકર સંક્રાંતિ, વસંત પંચમી, મહર્ષિ દયાનંદ નિર્વાણ દિવસ (દિવાળી) એ ખાસ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. અને પોરબંદરની જનતા આર્ય સંસ્કૃતિના સંસ્કારનું ભાથુ મેળવે છે.

દુલિપ સ્કૂલ ઓફ ક્રિકેટ પોરબંદરનું ગૌરવ છે. આ સ્કૂલ મહારાણાશ્રી નટવરસિંહજીએ ૧૯૩૨માં પ્રથમ ભારતની ટીમના કેપ્ટન હતા તેઓએ બનાવેલ છે. આ સ્કૂલે રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય સ્તરે ઘણા ખેલાડીઓ આપેલ છે. મતલબ કે પોરબંદરની પ્રજા ખેલકૂદમાં પણ રસ ધરાવે છે.

પોરબંદરમાં સુંદર પક્ષી અભ્યારણ આવેલું છે. જેમાં શિયાળાની ઋતુમાં વિદેશી પક્ષી ફલેમિંગો મહેમાન બને છે. જે પોરબંદરવાસીઓ માટે એક વિશિષ્ટ નજરાણું છે અને અહીંના લોકો તેનો ભરપૂર લાભ માણતા જોવા મળે છે.

પોરબંદર શહેરમાં અનેકવિધ પૌરાણિક મંદિરો આવેલા છે. જડેશ્વર, ભાવેશ્વર, કેદારેશ્વર, ભૂતનાથ, ઓમકારેશ્વર, મહાકાલેશ્વર, ઈન્દ્રેશ્વર વગેરે મંદિરો આવેલા છે. પોરબંદરની ધર્મપ્રિય જનતા શિવમય બની ભકિતમાં લીન બનેલી જોવા મળે છે. અહીં વૈષ્ણવ સંપ્રદાયની વિવિધ હવેલીઓ પણ આવેલી છે. અહીં મનોરમ્ય ફુવારાઓ અને સુંદર બગીચાઓ પણ આવેલા છે. આ બધી બાબતો પોરબંદર શહેરના લોકજીવનને ધબકતું રાખવામાં મહત્વનો ભાગ ભજવે છે. અહીં વસનાર અને આવનાર પ્રત્યેક વ્યકિત આનંદમય જીવન જીવે છે.